## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




હવે ખબર પડી... અમિતાભ સામે લોકો 'હોટ સીટ' પર બેસવા આટલા આતુર કેમ હોય છે...!!!

# સાબરમતીથી શરૂઆત કરીને ગુજરાતની તમામ નદીઓ શુદ્ધ કરાશે

### ગંગા સમગ્રના ગુજરાત પ્રદેશ કાર્યાલયનું ઉદ્‌ઘાટન, સંસ્થાની ત્રિમાસિક પત્રિકા અને વેબસાઇટનું વિમોચન કરાયું

ગાંધીનગર, તા.૧૭

ગંગા અને તેની સહાયક નદીઓની સાથે-સાથે દેશભરની વિવિધ નદીઓને પ્રદૂષણ મુક્ત કરીને તેની સુરક્ષા કરવા અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા, નદીઓના બંન્ને કિનારે વૃક્ષારોપણની સાથે તેની નિર્મળતા અને અવિરતતા સુનિશ્ચિત કરવા માટે સક્રિયપણે કાર્યરત ગંગા સમગ્ર સંસ્થાએ આજે ગુજરાતના ગાંધીનગરમાં તેના નવા કાર્યાલયનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે ગંગા સમગ્રની ત્રિમાસિક પત્રિકા અને વેબસાઈટનું પણ વિમોચન કરાયું હતું.




આ પ્રસંગે ગંગા સમગ્રના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી રામાશીષજી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. ગુજરાત સરકારના ગ્રામિણ વિકાસ અને ગ્રામિણ આવાસના કેબિનેટ મંત્રી અર્જૂનસિંહ ચૌહાણ, ગુજરાત સરકારમાં કૃષિ, ઉર્જા અને પેટ્રોકેમિક્લસ રાજ્યમંત્રી મુકેશ પટેલ, કલ્પસર, મત્સ્યોદ્યોગ, નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા વિભાગ રાજ્યકક્ષાના મંત્રી જીતુભાઈ ચૌધરી, ભાજપના વરિષ્ઠ નેતા દિલિપ સાંઘાણી અને ગાંધીનગરના મેયર હિતેષ મકવાણા સહિતના મહાનુભાવો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે પત્રકારો સાથે વાત કરતા રામાશીષજીએ જણાવ્યું હતું કે 'ગંગા આ દેશની ઓળખ છે, દેશની તમામ નદીઓ ગંગાની પ્રતિકૃતિ છે તેથી ગંગા સાથે ગુજરાતની નદીઓના શુદ્ધિકરણનું પણ આયોજન છે જેની શરૂઆત સાબરમતીથી કરાશે. આ કાર્ય માટે ગુજરાત સરકાર સાથે એમઓયુ કરવામાં આવશે.'

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (આરએસએસ)ની ગંગા સમગ્ર સંસ્થા દ્વારા ગંગા સહિતની દેશની અલગ-અલગ નદીઓ ઉપર નિર્ભર લોકોના જીવન સ્તરમાં સુધારો લાવવા વિવિધ યોજનાઓ શરૂ કરવામાં આવી છે. મુખ્યત્વે નદીઓને પ્રદૂષણ મુક્ત બનાવવા ઉપર કેન્દ્રિત આ સંસ્થા જનભાગીદારી દ્વારા નદીઓની સુરક્ષા અને તેના અવિરત પ્રવાહને સુનિશ્ચિત બનાવવા માટે નિયમિત ધોરણે જાગૃતિ અભિયાન ચલાવે છે. આજે ગુજરાત પ્રદેશ કાર્યાલયના ઉદ્‌ઘાટન સાથે ગંગા સમગ્ર ગુજરાત રાજ્યની વિવિધ નદીઓની જાળવણી માટે કામગીરી નિભાવશે.

ઉલ્લેખનીય છે કે ગંગા સમગ્ર છેલ્લાં ૧૦-૧૨ વર્ષથી સતત કામ કરી રહ્યું છે. તે ગંગા આરતી, ઘાટની સ્વચ્છતા, વૃક્ષારોપણ, જૈવિક કૃષિ, તળાવ, એસટીપી, સ્વાસ્થ્ય જેવા મહત્વપૂર્ણ પરિબળોમાં સુધાર માટે સક્રિયપણે કાર્યરત રહ્યું છે અને ગંગાને સ્વચ્છ બનાવવા માટે નમામિ ગંગેનું પણ તેના દ્વારા સંચાલન થઈ રહ્યું છે. નમામિ ગંગે બાદ ૭૦ ટકા શહેરી ગટર વ્યવસ્થા ઠીક કરવામાં આવી છે અને જો ગંગા નદીની આસપાસ રહેતાં લોકો પોતાની જવાબદારી નિભાવે તો આગામી કેટલાંક વર્ષોમાં વધુ સકારાત્મક પરિણામો પ્રાપ્ત કરી શકાય તેમ છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડાની તબિયત નાદુરસ્ત થતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમને સંપૂર્ણ આરામની સલાહ તબીબોએ આપી છે.
- ગાંધીનગર પ્રાંત અધિકારી ભોરણીયા અને તેમનો પરિવાર કોરોનાથી સંક્રમિત થયો છે.
- નાયબ જિલ્લા વિકાસ અધિકારી સૂરજ બારોટ પણ કોરોનાથી સંક્રમિત થયા છે.
- મહિલા કાઉન્સીલર હેમાબેન ભટ્ટ પણ કોરોનાથી સંક્રમિત થયા છે.
- નાયબ મ્યુનિ. કમિશનર પ્રિતેશ દવે કોરોનાથી સંક્રમિત થયા છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા સંક્રમણને લઈ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે આજે તમામ તબીબી અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી કોરોના ગાઈડલાઈન્સના પાલન તેમજ કોન્ટેક્ટ ટ્રેસીંગ અને ટેસ્ટીંગની કામગીરી સઘન કરવા જણાવ્યુ હતુ.
- આગામી ૧૮મી જાન્યુઆરી પછી ઠંડીમાં રાહત મળશે તેમ હવામાન-પૂર્વાનુમાનમાં જણાવાયું છે.
- જિલ્લા આયુષની આજે પ્રથમ ગર્વનીંગ બોડી અને એકઝીક્યુટીવ કમિટીની બેઠક પંચાયતના સરદાર હોલમાં મળી હતી.
- ગાંધીનગર જિલ્લા નશાબંધી સમિતિની પણ આજે બેઠક મળી હતી.
- રાજ્યના પંચાયત વિભાગના અધિક મુખ્ય સચિવ મિત્રા આજે વિડીયો કોન્ફરન્સ કરી પંચાયતોની કામગીરીની સમીક્ષા કરશે.
- જિલ્લા પંચાયતની ખેતીવાડી શાખાનો એક કર્મયોગી કોરોનાથી સંક્રમિત થયો છે.
- મનપાના આરોગ્ય અધિકારી ડૉ. કલ્પેશ ગોસ્વામી પણ કોરોનાથી સંક્રમિત થયા છે અને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

# જિલ્લાના ખેડૂતોને જુના શિડ્યુલ પ્રમાણે વીજ પુરવઠો આપો : કિસાન સંઘ

### ખેડૂતોને આગોતરી જાણ કર્યા વિના શિડ્યુલમાં ફેરફાર કરતી વીજ કંપનીને કિસાન સંઘનું આવેદન પત્ર

ગાંધીનગર તા.૧૭

ગાંધીનગર જિલ્લામાં છેલ્લાં કેટલાંક સમયથી ખેતી માટે આપવમાં આવતો વીજ પુરવઠો ખૂબ જ અનિયમિત રીતે આપવામાં આવતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આ બાબતને અનુલક્ષીને ભારતીય કિસાન સંઘના ગાંધીનગર જિલ્લા એકમ દ્વારા ખેડૂતોને વીજ પુરવઠો નિયમિત રીતે આપવા માટે દહેગામ તાલુકામાં હાલીસા ગામે આવેલ સબ સ્ટેશન ખાતે નાયબ કાર્યપાલક ઈજનેરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. આ સાથે જો સત્વરે આ સમસ્યાનો ઉકેલ નહીં આવે તો કિસાન સંઘ દ્વારા આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં અન્ય જિલ્લાની જેમ કેટલાંક વિસ્તારોમાં સૂર્યોદય યોજના અંતર્ગત વીજ પુરવઠો આપવામાં આવી રહ્યો છે, જે અંતર્ગત કેટલાંક જુના શિડ્યુલમાં વીજ પુરવઠો અનિયમિત રીતે અને અપૂરતા પ્રમાણમાં આપવામાં આવતા ખેડૂતો પરેશાનીનો ભોગ બની રહ્યાં હતા અને તેમનું ખેતીનું કામ પણ યોગ્ય રીતે કરવામાં તકલીફ પડી રહી હતી. વીજ કંપની દ્વારા ખેડૂતોને આગોતરી જાણ કર્યા વિના શિડ્યુલમાં ફેરફાર કરવામાં આવતા હતા. આ સંદર્ભે દહેગામ તાલુકામાં હાલીસા ગામે આવેલ સબ સ્ટેશન ખાતે ભારતીય કિસાન સંઘના ગાંધીનગર જિલ્લા એકમ દ્વારા ઉત્તર ગુજરાત વિજ કંપની લિમિટેડના નાયબ કાર્યપાલક ઈજનેરને નિયમિત રીતે જૂના શિડ્યુલ પ્રમાણે વીજ પુરવઠો આપવા માટે આવેદન પત્ર આપવામાં આવ્યું હતું જેમાં જિલ્લાના ખેડૂતોને જુના શિડયુલ પ્રમાણે વીજ પુરવઠો આપવા માંગ કરવામાં આવી છે. આ સાથે જો આ રજુઆતનો કોઈ ઉકેલ નહીં આવે તો કિસાન સંઘે આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે.



## એબીવીપીના કાર્યકર્તાઓએ નડતરરૂપ પતંગના દોરા હટાવ્યાં

ઉત્તરાયણનો તહેવાર પતંગ ચગાવવાના ઉમંગ અને ઉલ્લાસનો તહેવાર છે પરંતુ આ તહેવારમાં કરવામાં આવતી પતંગબાજીનો આનંદ ક્યારેક કોઈ વ્યક્તિ કે અબોલ પશુ-પંખી માટે જીવલેણ બની જતો હોય છે જેનું મુખ્ય કારણ શહેરના સ્ટ્રીટ લાઈટોના થાંભલા પર રસ્તાઓ, મકાનો અને વૃક્ષો પર લટકતી-ભટકતી કપાયેલા પતંગની દોરીઓ હોય છે. જો આ દોરીઓ સમયસર હટાવી લેવાય તો ઘણી જાનહાનિ અટકાવી શકાય છે. આ બાબતને અનુલક્ષીને ગાંધીનગર એબીવીપીના યુવા કાર્યકર્તાઓએ આવી દોરીઓ હટાવવાનો સેવાયજ્ઞ કર્યો હતો. ગાંધીનગરના અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ દ્વારા તા.૧૬મી જાન્યુઆરી, રવિવારના રોજ ખ-રોડ પર, ઉતરાયણ પછી સેવાયજ્ઞ કરવામાં આવ્યો હતો. આ સેવાયજ્ઞમાં કોઈ વ્યક્તિ કે મૂંગા પશુ-પક્ષીને નુકસાન ન કરે એ હેતુથી માર્ગ પર પડેલા નડતરરૂપ પતંગના દોરાની સફાઈનું કામ કરવામાં આવ્યું હતું. આ સફાઈ કાર્યમાં ગાંધીનગર એબીવીપીના યુવા કાર્યકર્તાઓ જોડાયાં હતા.

# દારૂની ખાલી બોટલો ફેંકવાની ના પાડતાં ચાર શખ્સોએ યુવકને ધીબી નાખ્યો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામે વાસી ઉત્તરાયણના દિવસે સાંજના સુમારે દારૂની ખાલી બોટલો ફેંકવાની ના પાડતાં એકદમ ઉશ્કેરાઈ જઈ ચાર શખ્સોએ જેમ ફાવે તેમ ગાળો બોલી એક પરિવારના યુવક પર હૂમલો કર્યો હતો. નાકના ભાગે લાકડી અને શરીરે ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડી હતી.

સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ જૈયશીવભાઈ પીનાકીનભાઈ વ્યાસ રાંધેજા ગામે રાયગઢનો માઢ, વ્યાસ વાસ ખાતે રહે છે. અને રામજી મંદિરના માઢ ખાતે ઉન્નતી નામની મોબાઈલની દુકાન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા. ૧૫ના રોજ વાસી ઉત્તરાયણે સાંજના સુમારે જૈયશીવ અને તેના મોટા બાપાની દિકરી ટ્વીન્કલ અને પરિવારના સભ્યો પતંગ ચગાવતા હતા તે સમયે તેમના મકાનની પાછળ ઘનશ્યામ નટવરભાઈ પટેલના મકાનના ધાબા પર કેટલાક છોકરાઓ પતંગ ચગાવતા હતા. તેમાં અલતાફ મનસુરી, રોનક પરમાર, યુવરાજ પઢાર અને ભાગ્યેશ પરમાર અપશબ્દો બોલતા હતા અને દારૂની ખાલી બોટલો ફરીયાદીના મકાનના વરંડામાં ફેંકતા હતા. જેથી ફરીયાદીના મોટા બા રેખાબેને તેમને કહ્યું કે અહિં બોટલો ના ફેંકો મારે ઘરે પ્રસંગ છે. હમણાં સાફ-સફાઈ કરાવી છે તેવુ કહેતા જ અલતાફ મનસુરી, રોનક પરમાર, યુવરાજ પઢાર અને ભાગ્યેશ પરમાર ચારે જણા ઉશ્કેરાઈને પરિવારના સભ્યોને ગાળાગાળી કરી હતી. ગાળો બોલવાની ના પાડતાં ઉશ્કેરાયેલા ચારેય શખ્સોએ ફરીયાદીના મોટા બાપા રાજેશભાઈના ઘરે આવીને જૈયશીવને માર મારવા લાગ્યા હતા જેમાં અલતાફ મનસુરીએ તેના નાક પર લાકડી મારતાં નીચે પડી ગયેલ હતા. તે દરમ્યાન ફરીયાદીના મોટા બા રેખાબેન અને તેમના મોટા બાપાની દિકરી ટ્વીન્કલબેન વચ્ચે પડી વધુ મારમાંથી છોડાવ્યા હતા.

જતાં જતાં આ લોકોએ આજે તો આને જવા દઈએ છીએ પણ હવે પછી અમારૂ નામ લેશો તો જાનથી મારી નાખીશુ એવી ધમકી આપી હતી. તારા ઘરે તારા મોટા બાપાની દિકરીનું લગ્ન છે તો કેવા થાય છે ? તેવી પણ ધમકી આપી હતી.

બનાવ અંગે પેથાપુર પોલીસમથકે અલતાફ મનસુરી, રોનક પરમાર, યુવરાજ પઢાર અને ભાગ્યેશ પરમાર સહિત બીજા અન્ય શખ્સો સામે ફરીયાદ નોંધાવેલ છે.



ગ્રીનસીટી ગાંધીનગર વાનરો માટે શ્રેષ્ઠ રહેઠાણ સાબિત થયુ છે. વાનરોને અહીં ખોરાક મળી રહે છે અને અન્ય કોઈ રંજાડ ન હોવાથી વાનરોની અનેક ટોળીઓ શહેરમાં ફરે છે. મોટાભાગે ટોળામાં ફરતા વાનરો નીત નવા ચાળા કરી લોકોનું ધ્યાનાકર્ષિત કરે છે. ઠંડીથી રક્ષણ મેળવવા માટે તડકામાં બેઠેલા આ વાનરો અવનવા ચાળા કરી કૌતુક ઉભુ કરી રહ્યા છે.

## સ્ટેટ ટેકવોન્ડો ચેમ્પિયનશીપમાં સમર્પણ ટેકવોન્ડો એકેડેમીના બાળકો ઝળકયા

અમદાવાદ ખાતે પાંચમી સ્ટેટ લેવલ ટેકવોન્ડો ટુર્નામેન્ટનું આયોજન સ્પોર્ટસ કોમ્પલેક્સ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સમર્પણ ટેકવોન્ડો એકેડેમીના સૃજન ઓઝા, યુગ માંડવિયા, વિશ્વરાજ ચાવડા, જેનીશ પટેલ, તનિશ્કા વાઘ અને પ્રેયસન ગામીતે ભાગ લીધો હતો અને ૬ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૨ સિલ્વર મેડલ મેળવ્યા હતા. કોચ સુધીર વસ્તી અને કૃણાલ પટેલે દરેક વિજેતાને અભિનંદન પાઠવ્યા હતા.




# રણાસણ ગામ પાસે ડુંગરપુરની ડેમુ ટ્રેન પર પથ્થરમારો, ડ્રાઈવરને ઈજા

### ટ્રેન પર પથ્થરમારો થતા પોલીસ પણ ચોંકી ઉઠી : ઘાયલ ડ્રાઇવરને સારવાર આપવામાં આવી : ડભોડા પોલીસે ગુન્હો નોંધી પથ્થરમારો કરનારા તત્વોને શોધવા માટે વધુ તપાસ હાથ ધરી

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર કેપિટલ સ્ટેશનના વિકાસ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. જયારે સ્ટેશન પર તત્વો કોઈપણ પ્રકારની હરકત ન કરે તે માટે પણ વિશેષ તકેદારી રાખવામાં આવે છે. જયારે ગાંધીનગર નજીક રણાસણ ગામ પાસેથી પસાર થતી ડુંગરપુર અસારવા ડેમુ ટ્રેઈન પર તત્વોએ પથ્થરમારો કરતા ડ્રાઈવરને ઈજા થવા પામી હોવાનો બનાવ બનવા પામ્યો છે જયારે આ ઘટનાના પગલે પોલીસ તંત્ર પણ ચોંકી ઉઠયુ છે.

ગાંધીનગર સ્ટેશનનો હાઈટેક વિકાસ થવાની સાથે હવે નવી ટ્રેઈનો પણ શરૂ થઈ ગઈ છે. જયારે કેપિટલ સ્ટેશન આસપાસ નજીકના ગ્રામ્ય વિસ્તારના ટ્રેક પરથી પણ ટ્રેનો દોડી રહી છે. ગાંધીનગર તાલુકાના રણાસણ ગામ પાસેથી પણ રેલવેની બ્રોડગેજ લાઈન પર ટ્રેઈન દોડી રહી છે. જયારે ગત શનિવારે ડુંગરપુરથી અસારવાની ડેમુ ટ્રેઈન પર પથ્થરમારો થતા પોલીસ તંત્ર પણ ચોંકી ઉઠયુ હતુ. આ મામલે રેલવેના ડ્રાઈવર શિવકરણ શ્રીસાધુરામ પ્રજાપતિ રહે ઈ ૧૦૨ કોટિલ્ય એપાર્ટમેન્ટ ચાંદખેડા એ આપેલી ફરિયાદ મુજબ ગત શનિવારે તેઓ ડુંગરપુર અસારવા ટ્રેન નં-૦૯૬૩૧ લઈને સહાયક કો પાયલટ વિશ્વનાથ પટેલ સાથે જવા નિકળ્યા હતા આ દરમિયાન પોણા સાત વાગે રણાસણ ગામ પાસેથી ટ્રેઈન પસાર થઈ રહી હતી ત્યારે કોઈ અજાણ્યા શખ્સોએ પથ્થરમારો કર્યો હતો. આ દરમિયાન પથ્થર ટ્રેઈનનો કાચ તોડીને ટ્રેઈનના ડ્રાઈવર વિશ્વનાથને વાગ્યો હતો. જયારે આ સ્થિતિ વચ્ચે ટ્રેઈન ઉભી રાખી દેવામાં આવી હતી. જો કે રાત્રિના સમયે અંધારુ હોવાના લીધે કોઈ માલુમ પડયુ ન હતુ. ત્યારબાદ આ ટ્રેઈન નરોડા સ્ટેશન પર પહોંચી હતી. જયારે પથ્થરમારાની ઘટના અંગ રેલવે પોલીસને જાણ કરવામાં આવી હતી. જયારે બીજીતરફ ઘાયલ ટ્રેઈન ડ્રાઈવર વિશ્વનાથને સારવાર માટે પણ લઈ જવાયા હતા. ટ્રેઈન ડ્રાઈવરની આ ફરિયાદના આધારે ડભોડા પોલીસ સ્ટેશને ગુનો નોંધીને પથ્થરમારો કરનારા તત્વોને શોધખોળ શરૂ કરી દીધી છે.

# અડાલજથી કલોલ જતા માર્ગ પર અમૃત હોટલ પાસે ઈકો ચાલક પર બેટ વડે માર મારવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૧૭

અગાઉ થયેલી બોલાચાલીની અંગત અદાવત રાખી મારામારી થઈ હતી. આ મારમારીમાં ઈજાગ્રસ્ત ઈકોચાલકને સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયો હતો.

બનાવ અંગે અડાલજ પોલીસે ઈકોચાલકની ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કલોલ બારોટવાસ ખાતે રહેતા જતીન મહેશભાઈ બારોટ પોતાની ઈકો ગાડી નંબર જીજે.૧૮.એઝેડ.૧૬૩૬ અડાલજથી મહેસાણા પેસેન્જરમાં ફરે છે. ગત તા. ૧૬મી જાન્યુઆરીના રોજ સવારના ૭.૩૦ના સુમારે અડાલજથી ઈકો ગાડી લઈ કલોલ તરફ જઈ રહ્યા હતા ત્યારે ચા-નાસ્તો કરવા અમૃત હોટલ પાસે રોકાયા હતા. જે દરમ્યાન અમદાવાદ ગોતા ખાતે રહેતા કેવલસિંહ દરબાર પણ પોતાની ઈકો ગાડી લઈ આવી પહોંચ્યા હતા. ઈકો ગાડીમાંથી તેઓ બેટ લઈને ઉતરી જતીનભાઈને ગાળો બોલી બેટથી મારતાં ડાબા હાથે ઈજા પહોંચી છે. તે ઉપરાંત ગદડાપાટુનો માર મારી કહેવા લાગ્યા કે બે-ત્રણ દિવસ અગાઉ તેણે પેસેન્જર ભરવા બાબતે કેમ બોલાચાલી કરી હતી ? હવે અહીંયા મુસાફરો ભરવા આવીશ તો તને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ દરમ્યાન આસપાસમાંથી અને લોકો દોડી આવતાં જતીનભાઈ ગાડી લઈને સારવાર માટે નીકળી ગયા હતા.

બનાવ અંગે અડાલજ પોલીસમથકે ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



## ઉવારસદના નવનિર્વાચિત સરપંચે કાર્યભાર સંભાળ્યો

ગાંધીનગર તાલુકાના ઉવારસદ ગ્રામ પંચાયતની ચુટણીમા વિજેતા થઈ સરપંચ પદ મેળવનાર જીવણજી પ્રતાપજી ઠાકોરે તા.૧૭મી જાન્યુઆરી, સોમવારે પોષ સુદ પુનમના દિવસે પદ ગ્રહણ કરી કાર્યભાર સંભાળ્યો હતો. આ પ્રસંગે ગ્રામજનોએ મોટી સંખ્યામા ઉપસ્થિત રહી જીવણજીનું અભિવાદન કરી શુભેચ્છા પાઠવી હતી. જેમા હરહંમેશ ગ્રામજનોના દરેક કાર્યોમા ઉભા રહેતા સેવાભાવી અને કર્તવ્ય પરાયણ જીવણજી પ્રતાપજી ઠાકોર ૧૨૦૦ મત મેળવી વિજેતા થયા હતા.

**ટુંકી મુદતની ઓનલાઈન જાહેર નિવિદા નં. ૮ સને ૨૦૨૧-૨૨**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.-૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં. ૧૬, બ્લોક નં. 'એ', પ્રથમ માળ, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૪૭૪-૭૫) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના કુલ ૧ (એક) કામના ઓનલાઈન ટેન્ડર જેની અંદાજીત રકમ રૂ. ૨૭૦૯૪૫.૧૩ છે.

જે માટે ઈ-૨ ક્લાસ અને તેનાથી ઉપરની શ્રેણી ધરાવતા અને આવા કામના અનુભવી વિદ્યુત ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

આ કામના ટેન્ડર www.nprocure.com ઉપરથી જોવા મળશે. આ સાઈટ ઉપરથી ઓનલાઈન ટેન્ડર તા. ૨૦/૧/૨૦૨૨ના રોજ ૧૬.૦૦ કલાક સુધી અપલોડ / ડાઉનલોડ કરી શકાશે. શક્ય હશે તો તેજ દિવસે ૧૬.૧૦ કલાક પછી નાયબ કાર્યપાલક ઈજવેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ-૧ પાટનગર યોજના ભવન, સેક્ટર નં. ૧૬, બ્લોક નં. 'એ' પ્રથમ માળ, ગાંધીનગર દ્વારા ઓનલાઈન ખોલવામાં આવશે. ટેન્ડર રૂબરૂમાં / સાદી ટપાલથી સ્વીકારવામાં આવશે નહીં.

આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૯૯૪/૨૧-૨૨